# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2024** **Midday : 2.30 to 2.335**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર યશવી મહેતા વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

**MATDAN PROOF**

લોકસભા ચુંટણીમાં મતદાન માટે મતદાર ફોટો ઓળખ કાર્ડ - epic ઉપરાંત અન્ય 12 દસ્તાવેજ પણ માન્ય રહેશે. રાજયની 26 લોકસભા બેઠકોની પેટાચૂંટણી માટે 7મી મે ના દિવસે મતદાન થશે. જે અંતર્ગત ચૂંટણીપંચની સૂચના અનુસાર મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ રજૂ કરવાનું રહેશે. તેની અવેજીમાં અન્ય 12 દસ્તાવેજો પણ ચૂંટણીપંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે. જેમાં આધારકાર્ડ, જોબકાર્ડ, બેંક પાસબુક, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઇંડિયન પાસપોર્ટ, સર્વિસ ઓળખપત્ર, સરકારી ઓળખપત્ર, યુનિક ડીસએબીલીટી કાર્ડ સહીતના માન્ય દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બિનનિવાસી ભારતીયએ જો મતદાર તરીકે નોંધણી કરેલી હોય તો તેઓએ મતદાન મથક પર ફક્ત અસલ પાસપોર્ટ રજૂ કરવાનો રહેશે.

## GHAR GHAR CHALO ABHIYAN

ગાંધીનગરમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે ઘર ઘર ચલો અભિયાન અંતર્ગત પ્રદેશની બેઠક મળી હતી અભિયાનના સંયોજક હિતેશ પટેલે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, આ અભિયાન 3 તબક્કામાં ચાલશે જેમાં 5 તારીખે પ્રધાનમંત્રીએ લખેલો પત્ર ઘર ઘર સુધી પહોંચાડાશે ત્યાર બાદ બુથ પરના સક્રિય સભ્યના ઘરે ભાજપનો ધ્વજ લહેરાવશે. અને બાદમાં મારો પરિવાર મોદીનો પરિવાર ના સ્ટીકર દરેક ઘર પર લગાવશે. તો મતદારના ફિડબેક પક્ષ સુધી પહોંચાડાશે.

## DIVYANG MATDARO

મહેસાણા જિલ્લા માં આગામી લોકસભાની ચૂંટણીને લઈ જિલ્લાના 8 હજાર 940 દિવ્યાંગ મતદારો મતાધિકાર નો ઉપયોગ કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં

આવી છે. અમારા મહેસાણાના પ્રતિનિધિ જયંતિ ચૌધરીના જણાવ્યા પ્રમાણે જિલ્લા ના મુકબધીર મતદારો માટે 63571 47721 હેલ્પલાઇન નંબર શરૂ કરાયો છે. જેના પરથી વિડીયોકોલ દ્વારા મતદાન અંગેની સમજ મેળવી મતદાન કરે તેવા પ્રયાસ થઈ રહ્યા છે.આ ઉપરાંત વિધાનસભા ની બેઠક પ્રમાણે સાઈન લેંગ્વેજ એક્સપર્ટ ની નિમણૂક પણ કરાઈ છે.મહેસાણા જિલ્લા માં દિવ્યાંગ મતદારો ને મુશ્કેલી ન પડે તે માટે વહીલચેરની વ્યવસ્થા કરાઈ છે. જિલ્લા ના 575 દ્રષ્ટિહીન, 5 હજારથી વધુ અસ્થિ વિષયક અને 1 હજારથી વધુ બહુવિધક્ષતિ ધરાવતા મતદારોને મતદાન માં મુશ્કેલી ન પડે તેનું આયોજન કરવામાં આવ્યું છે.

## ELECTION -INK

ચુંટણી દરમિયાન મતદારની આંગળી પર લગાવાતી શાહીની 26 લાખથી વધુ શીશીઓ બનાવવાની જવાબદારી દક્ષિણ ભારતની મૈસુર પેઇન્ટ એન્ડ વાર્નિશ લિમિટેડ કંપનીને સોંપવામાં આવી છે. શાહીનું ઉત્પાદન પણ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. આ કંપની અન્ય 25 દેશમાં પણ શાહીની નિકાસ કરે છે. શાહીની એક બોટલમાંથી આશરે 700 આંગળી પર શાહી લગાવી શકાય છે. એક રિપોર્ટ અનુસાર, 10 મિલીલીટરની શાહીની બોટલની કિંમત લગભગ 127 રૂપિયા છે. આ શાહીમાં સિલ્વર નાઈટ્રેટ કેમિકલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે હવાના સંપર્કમાં આવતા જ માત્ર 40 સેકન્ડમાં સુકાઈ જાય છે. અને ઓછામાં ઓછા 72 કલાક સુધી તેને દૂર કરી શકાતી નથી.

## સબ રજિસ્ટ્રાર કચેરી

રાજ્યની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં 29 માર્ચે જાહેર રજાના દિવસે પણ દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રહેશે. નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ

નોંધણીની કામગીરી વધારે રહેતી હોવાથી જાહેર હિત ને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ 294 સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી ચાલુ રહેશે. અને નિયમિત દિવસની જેમ જ ઓનલાઇન એપોઇટમેન્ટ મેળવી દસ્તાવેજ નોંધણી કરાવી શકાશે.

## PAPER TICKET

અમદાવાદમાં રમાનારી આઇપીએલની મેચને ધ્યાનમાં રાખીને gmrc એ મોટેરા સ્ટેડિયમના મેટ્રો સ્ટેશન થી સવારના 6 વાગ્યાને 20 મિનિટ થી રાત્રિના 12 વાગ્યા સુધી ટ્રેન સેવા લંબાવવાનો નિર્ણય લીધો છે. અમદાવાદમાં  24 અને 31 માર્ચ તેમજ 4 એપ્રિલ ના રમાનારી મેચ માટે  ફિક્સ 50 રૂપિયાના ભાડાની સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડી છે. જેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી બીજા કોઈપણ કાર્યરત મેટ્રો સ્ટેશન સુધી મુસાફરી કરવા માટે થઈ શકશે. આ ઉપરાંત મેચના દિવસે મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશન પર અગાઉથી સવારે 8 વાગ્યે પેપર ટિકિટ ખરીદી શકાશે. આ સાથે જ કોન્ટેકટલેસ સ્માર્ટ ટોકન અને કાર્ડ સાથેની એન્ટ્રી પણ હમેશની જેમ રાત્રે 10 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

## PALITANA YATRA

જૈન તીર્થધામ પાલિતાણા ખાતે આવતીકાલથી શત્રુંજય ગિરિરાજની ફાગણ સુદ તેરસની છ ગાઉ યાત્રા સાથે ઢેબરિયા મેળાનો પ્રારંભ થશે. જેમાં 1 લાખ જેટલા ભાવિકો જોડાશે. તેઓ તળેટીથી પ્રારંભ કરીને  ગિરિરાજ ઉપર દાદા આદેશ્વર ભગવાનના દર્શન કરી પાછળની બાજુ એટલે કે ઉલ્લેખાજલ, ચંદન તલાવડી,ભાડવા ડુંગર પર રહેલ ચરણ પાદુકાના દર્શન કરી પાછા આદપુર ગામમાં આવેલા સિદ્ધવડ ખાતે યાત્રા પૂર્ણ કરશે.

અહી આવતા ભાવિકોને કોઈ અગવડ ન પડે તે માટે ભાવનગર એસટી વિભાગ દ્વારા વિશેષ ભાડા સાથે 40 જેટલી વધારાની બસ દોડાવવાનું આયોજન કરાયું છે.

## irrigation

મહીસાગરના કડાણા અને ભાદર ડેમની મુખ્ય કેનાલમાંથી પાણી બંધ કરવામાં આવ્યું છે. અમારા મહિસાગરના પ્રતિનિધિ કૌશિક જોશીના જણાવ્યા પ્રમાણે ભાદર ડેમની ભાદર મુખ્ય કેનાલ અને કડાણા ડેમની સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરાતાં સાત જીલ્લાના ખેડૂતોને ઉનાળામાં સિંચાઇ અને પીવાના પાણીની સમસ્યા સર્જાશે. સિંચાઇ વિભાગ દ્વારા પાણી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જેની સામે ખેડૂતો કેનાલમાં પાણી છોડવાની માંગ કરી રહ્યા છે.